શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ :૧૦–૧૦–૨૦૦૫

પ્રતિ,
કમિશ્નરશ્રી,
મધ્યાહન ભોજન યોજના અને શાળાઓ,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

વિષય : બીનસરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નિમણૂંક પામેલા સહાયકને જુદી જુદી શાળાઓમાં બજાવેલ તૂટક સેવાઓ પાંચ વર્ષની ગણતરી માટે જોડી આપવા તેમજ સહાયકોને પાંચ વર્ષ પુરા થતાં જે તે સંવર્ગમાં સમાવવા એક સૂત્રતા જાળવવા બાબત.

વિષય : (૧) કમિશ્નરશ્રી, મ.ભો.યો. અને શાળાઓની કચેરી,ગુજરાત રાજય, ગાંધીનગર ના તા.૧–૪–૦૫ ના પત્ર ક્રમાંક : હ–૧,અડટ/જીઆઈએ/ ૦૪/૦૫/૨૪૫૧.
(૨) શિક્ષણ વિભાગના તા.૨–૭–૯૯ નો ઠરાવ ક્રમાંકઃબમશ/૧૧૯૯/૭૪૧/(૨)/ગ.
(૩) શિક્ષણ વિભાગનો તા.૨૮–૯–૦૫ નો પત્ર ક્રઃબમશ–૧૧૦૫–૧૩૬૩–ગ
(૪) ગુજરાત રાજય માધ્યમિક શાળા વહીવટી કર્મચારી સંઘ મહામંડળની તારીખઃ ૧૦–૧૦–૦૫ ની રજુઆત.

ઉપર્યુકત વિષય અને સંદર્ભ પરત્વે આજ્ઞાનુસાર જણાવવાનું કે, ઉપર સંદર્ભ(૪) માં જણાવેલ તા.૧૦–૧૦–૦૫ ના પત્રથી ગુજરાત રાજય માધ્યમિક શાળા વહીવટી કર્મચારી સંઘ મહામંડળ તરફથી આ વિભાગના ઉપર સંદર્ભ(૩) માં જણાવેલ તા.૨૮–૯–૦૫ ના પત્રમાં કેટલાક સુધારાઓ કરવા સૂચવેલ છે. જે ધ્યાને લઈ, પ્રસ્તુત બાબતમાં આ વિભાગના ઉપર સંદર્ભ(૩) માં જણાવેલ તા.૨૮–૯–૦૫ ના પત્રની ચોથી લીટીમાં દરખાસ્તના ફકરા ૧,૨ અને ૪ દર્શાવેલ છે તેને બદલે ૧,૩ અને ૪ નો સુધારો કરવામાં આવે છે જયારે ફકરા ૩ ના અનુસંધાને જે કોઈ શિક્ષણ સહાયક દર્શાવેલ છે તેને બદલે ફકરાઃ૨ ના અનુસંધાને તમામ સહાયકોને (શિક્ષણ સહાયક, વહીવટી સહાયક અને સાથી સહાયક) તે પ્રમાણે સુધારો કરવામાં આવે છે.

(મનહર આર. ચૌધરી)
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ

<u>નકલ રવાના :</u>
–પ્રમુખશ્રી, ગુજરાત રાજય માધ્ય.શાળા વહીવટી કર્મચારી સંઘ,મહામંડળ તરફ જાણ માટે
–સંબંધિત ફાઈલોના રેકર્ડ માટે.
–નાયબ સેકશન અધિકારીશ્રી/ સિલેકટ ફાઈલ.
–સિલેકટ ફાઈલ/ગ–શાખા.